અનાર્ય સ્ત્રી અથવા કુલટા નારી.

(છંદ તથા ગાયનમાં.)

વૈદ્ય વિજયશંકર વિ. મણીશંકરના ઉત્સાહથી અને જામનગર નાગરોત્કર્ષ સભાના ઉત્તેજનથી

રચીને પ્રગટ કરનાર,
દુર્લભદાસ વિ. શ્યામજી ધ્રુવ.
રહેવાશી જામનગરના.

ગીતિ.

વાંચો વચન વિચારી, સુધારૂપ છે સદૈવ હિતકારી;
સગુણ સુમનની માળા, ધરો કંઠમાં આર્ય સદાચારી.

આવૃત્તિ ૧ લી—પ્રત ૧૦૦૦

અમદાવાદ.

પાનકોરને નાકે ધાંચીની વાડીમાં
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કીંમત સવા આનો.

અર્પણપત્રિકા.

પરમ શુભેચ્છક રાજ્યમાન રાજેશ્રી—

મોતીચંદ ઓધવજી.

સંસ્થાન શ્રી બજાણાના કાર્યભારી સાહેબ:-

આપ જાતે વિદ્વાન હોઈ વિદ્વાનોના પરીક્ષક છો,

રાજ્ય કાર્યભારમાં કુશળતા ધરાવવાની સાથે

સ્વદેશોન્નતિનાં કાર્યમાં પ્રેમપૂર્વક અગ્રે-

સરછો અને આવો પુસ્તકોની

પ્રસિદ્ધિ જોવાનેસદા

આતુરછો;

ઈત્યાદિ

આપના ઉત્તમ ગુણોથી મોહ પામી

આ લઘુ કાવ્ય આપનેજ

અર્પણ કરૂંછું

તે

માન્ય કરશો.

જામનગર } દુર્લભદાસ વિ. શ્યામજી ધ્રુવ.
તા૰ ૧-૧-૯૦ }

मंगलाचरण.

પદ-ગિરિજાપતિ આ વિનતિ અમારી—એ ઢબ.

પૂર્ણ કરો પ્રભુ આશ અમારી—ટેક.

પતિ-પતિવ્રત પાળે એવાં, નિપજાવો નરનારી;
આર્યબિરદનું રક્ષણ કરવા, પ્રસરાવો મતિ સારી-
પૂર્ણ કરો પ્રભુ૦

આપ વિના પ્રભુ અનાચારથી, લેશે કોણ ઉગારી-
પૂર્ણ કરો પ્રભુ૦

પુનઃ પ્રેમનું પાન કરે સૌ, એવું ચિત્ત વિચારી-
પૂર્ણ કરો પ્રભુ૦

પરમ ધર્મનો દુર્લભ મહિમા, સમજે એમ સુધારી-
પૂર્ણ કરો પ્રભુ૦

માલીની.

ગુણવશ જશ ધારી, સૌ સદાચાર પાળો;
નિશદિન નરનારી, પ્રેમ પ્રત્યે નિહાળો;
નહિ નહિ નહિ સારી, હા! અનાચાર યારી;
કુટિલ સુખ પલંગે, કોણ છે પોઢનારી!

અનાર્ય સ્ત્રી અથવા કુલટા નારી.

પદ—સૂરજ કુલ શોભિત નર વીર મહિપતી—એ રાગનુ.

જીવન સમ પ્રેમલહર અસલ જે હતી,
અહો! કહો મને એ કેમ નથી છતી થતી— જીવન.
પુરૂષ બળ શું ગયું કે શું ગઇ સતી!
આર્યની ભૂમિ નથી શું આજ લાજતી— જીવન.
નાથ સુહિત કાજ પરમ પ્રીતિ પાળતી;
તનથી મનથી ધનથી—વશ રહેવા, જશ લેવા;
રસ મેવા—કોણ ચાખતી— જીવન.

અનાર્ય સ્ત્રીના લક્ષણ.

હરિગીત.

જે નાથ વચનો પ્રેમથી, નિજ -હૃદયમાં ધરતી નથી;
કહિ જાય જેવું તે પ્રમાણે, કામ જે કરતી નથી;
જે વાત સાધારણ વિષે પણ, કલેશમાં તૈયાર છે,
સંસારમાં તે નારના, અવતારને ધિક્કાર છે.
હર વખત જે હિત વાક્યને, શ્રવણે ધરી હરખે નહીં,
પુર સ્નેહની લહરીવડે, પતિ વદન જે નિરખે નહીં;
જે સ્નેહી સામે ક્રોધની, દૃષ્ટિ થકી જોનાર છે; સંસા૦
જે ધર્મના શુભ કર્મના, મર્મો પુરા સમજે નહીં;

ઈચ્છાનુસારે કામ કરવે, સર્વદા કમ જે નહીં;
નિજ ઘર તજી પર ઘર વિષે, જે પ્રેમથી જાનાર છે; સંસા૦
અંતર વિષે જે સર્વ કરતાં, શાણી થાવા જાય છે;
કુળ, કાન્તના કે રૂપના જે, ગર્વમાં ગુંથાય છે;
શૃંગાર સજવામાંજ નિત, સાફલ્ય જે ગણનાર છે; સંસા૦
જે નાથનું અથવા સગાંનું, વચન લવ સાંખે નહીં;
પ્યારી છતાં પણ પ્યાર જળ, પતિ -હૃદયમાં નાંખે નહીં;
જેનું નિરંતર કામ સાચું, સર્વથા તકરાર છે; સંસા૦
સુખરૂપ સરજી તે છતાં, દુખરૂપ જે દેખાવ દે;
મૃદુ વચન જ્યાં વદવા ઘટે, ત્યાં કોપનાં વચનો વદે;
વાણી ઉચ્ચારો પ્રેમની ત્યાં, વ્હેમ જે ધરનાર છે; સંસા૦
જે પિયરમાં વસવે સદા, હૈડે ઘણી હરખાય છે;
પતિ પાસ વસતા એક પળ, જેની દિવસ સમ જાય છે;
જે જાણિને આ જગતની, જંજાળ ભોગવનાર છે; સંસા૦
જે જુવાનીના જોરને, બતલાવવા બ્હારે ફરે;
રો એમ કરતાં શરમ કે, નિજ દોષ દિલમાં નહિ ધરે;
એ આર્યની પત્ની નહીં, પશુ પિંડમાં ભળનાર છે; સંસા૦
કલ્યાણના વચનો કહો તો, બાણ જેવાં જે ગણે,
જે દુરાચારી હોય તેની, દિલ થકી દાસી બણે;
જોયાવિના જોખમ તણા જે, માર્ગમાં ધસનાર છે; સંસા૦
મદમસ્ત હોવાથી અરે! દિન અસ્તા જે દેખે નહીં,
યાહોમ કરવે જે વળી, કુળલાજને લેખે નહીં;
ભાંડી ભલાને ભામની, જે છેલને છળનાર છે; સંસા૦

પ્રભુસમ સમજવો સ્વામીને, સૌ શાસ્ત્રકારો પણ કહે,
ઉપદેશ આવો સુધાવત્, જે કામની મન ના લહે;
ઉલટો ગણે અંતર વિષે, જે દાસસમ ભરતાર છે; સંસા૦
શક્તિ વિના સંતાપતી, પટભૂષણો સારૂ પતી;
બહુ ભેદનાં વચનો વદી, જે અસુખને ઉપજાવતી;
પરમ્હેલ દેખી રંક ઘરનો, નાશ જે કરનાર છે; સંસા૦
જે સુખ પરાયું જોઈને, રો અન્યથા મનમાં બળે;
જે સ્નેહિ જનમાં કલહ વધવા, યોજના રચતી છળે;
હૈયા ફુટીને શીખવી, જે સંપને હરનાર છે; સંસા૦
જોબન અમલ વા જર થકી, આધીન થઈને જે રહે;
નિજ ધર્મ ત્યાગી જે ઉરે, પરપુરૂષની પ્રીતિ ચહે;
કુલટા કુવાક્ય પ્રબોધથી જે, ચિત્તથી ચળનાર છે; સંસા૦
આ સૃષ્ટિના રચનારની, જે શક્તિ ઓળખતી નથી;
કરિ એક તાક્ષણવાર મનથી, ભજન પણ કરતી નથી;
ચપટી લઈ ચોખાની જે, દેવળ વિષે ફરનાર છે; સંસા૦
જે સૂક્ષ્મ વસ્ત્રે અંગના, આભાસ દેખાડતી;
ભરપૂર જોબન જોરથી જે, બહુ લટકતી ચાલતી;
નયનો નચાવે નર પ્રતી, જે હાસ્યમાં હુશિયાર છે; સંસા૦
જે પરપુરૂષની સાથ વદતા, ધુર્ત્ત શરમાતી નથી;
જે પનઘટે નિર્લજ થતાં, લવલેશ લજવાતી નથી;
સહિયર મળે તો વાતમાં જે, ચોગણી ચઢનાર છે. સંસા૦
સુખસમય જે સુખ ભોગવી, દુખ સમયમાં છેટી ખસે;
રહિ એક બાજુ ધારણા, ઉલટી પતિને જે કસે;

એ ત્રિય નહીં પણ રાક્ષસી, કેવળ કપટ આગાર છે; સંસા૦
પ્રાચીન અર્વાચીન સતિની, ખ્યાતિ સાંભળતી નથી;
ત્યમ મહત્ જનના માર્ગમાં, મનમોદથી મળતી નથી;
કુલટા કથન કાને ધરી જે, હર વખત હસનાર છે. સંસા૦
શક્તિ છતાં શુભ દાન દેવે, જે પુરી કંજૂસ છે;
મિથ્યા ખરચના ખેલમાં જે, મોહની મંજૂસ છે;
જે જગ ઠગોના વેણના—વિશ્વાસમાં ફસનાર છે; સંસા૦
જાચક ઘરે આવે કદી તો, આગ તે કથનો કથે;
"હું આપવા નવરી નથી" તું, મહતનો શાને મથે!
રે! અન્ય નહિ પણ એક પૈસો, માત્ર જેને સાર છે; સંસા૦
પકવાન પ્યારા નાથથી જે, ગુપ્ત રહીને ખાય છે!
હા! જે પતિ પગલાં પછી, ઝટ બહાર સટકી જાય છે!
ઘર કામમાં પ્રીતિ નહીં, પર ઘેર જે વસનાર છે; સંસા૦

કંકાસ કરવે કુશલતા, જેની બધે પંકાય છે;
અપરાધ પોતિકો વળી, સંતાડવા જે ચ્હાય છે;
ઉંઘી અહરનિશ અંગમાં, જે રોગ બહુ ભરનાર છે; સંસા૦
જેને વચન વદવા તણી, કંઈએ ખબર પડતી નથી;
જે ગજ કરે છે રજ તણું, મિથ્યા મુખે કથનો કથી;
જે છે મલિન મનથી પરંતુ, વ્હાલમાં વદનાર છે; સંસા૦
જે વિષમ વચનો વાપરી, પરિતાપ પાછળથી કરે;
પાડોશિનું કંઈ દુઃખ દેખી, દિલ દયા જે નહિ ધરે;
જેનું નથી મન સ્થીર જે, પાખંડમાં પડનાર છે; સંસા૦
ઉપકારીના ઉપકારને જે, નાર ભૂલી જાય છે;

નિંદા કરી જે પારકી, અંતર વિષે હરખાય છે;
ઘરના કલંકો ખોલવે, જેની ગતી હદ પાર છે; સંસા૦
વ્યવહારમાં સમજે નહીં, પરિશ્રમ ભલે દાના કરે;
સમજાવવા નિજ શ્યામને, જે સાચનું ખોટું કરે;
અમથી અવરનાં પ્રાણને જે, દાઝથી દમનાર છે; સંસા૦
પ્રતિમા પુરી જે વાદની, ઉપદેશને ચ્હાતી નથી;
બહુ ક્રોધના દુર્બોધથી, સન્માર્ગમાં જાતી નથી;
બીજી ન સૂઝે વાત જે, હઠમાંજ માત્ર ખુવાર છે; સંસા૦
સમજે નહીં જે સમયની, ઘટમાળ ચાલી જાય છે;
ભરપૂર તે ઠલવાય ફૂલ્યું-હોય તે કરમાય છે;
સારે સમે જયમ માગતી, ત્યમ નિત્ય જે હકદાર છે; સંસા૦
ઘરઘેર જમવા જે અતી, આતૂરતાએ અંધ છે;
નિજ ઘેર જમવાનું અરે! એ લોકને પણ બંધ છે;
હલકા વચન જે બોલવે, તરવાર કેરી ધાર છે; સંસા૦
રસ પ્રેમનો નહિ નેત્રમાં, ઈર્ષારૂપી લાલી ભરી;
જમનારની જે હારમાં, પિરસે નહીં કંઈ પાધરી;
સ્નેહી સગાંનું સાચવી મન, શાન્ત જે થાનાર છે; સંસા૦
નર સમુહમાં લજ્જા વિના, છકથી જે ચાલી જાય છે;
દર્શન થતાં જ્યાં હોય ત્યાં, નર સ્પર્શ કરવા ચ્હાય છે;
મર્યાદ મૂકી માર્ગમાં, સહિ સાથ જે રમનાર છે; સંસા૦
પતિમાં નહીં શક્તિ તથાપી, ખરચ અવળાથી ઠરે;
અકળાય ત્યારે આપિ મેણા, નાથને કાયર કરે;
કારણ વિના હલકું બકી, જે લાખથી લડનાર છે; સંસા૦

પરદ્રવ્ય હરવે નજર જેની, જન્મથી જામેલ છે;
મન જે તણું જળ લ્હેર સમ, વળિ મનસુબાનો મ્હેલ છે;
બ્હાના બહુ જે શોધવામાં, સર્વદા સરદાર છે. સંસા૦
એકાંતમાં જે અંગ ચોળી, નેહથી ન્હાતી નથી;
સર્વાંગ ઢાંકણુ સ્વચ્છ વસ્ત્રે, શુદ્ધ જે થાતી નથી;
રે! ફુવડ પદને યોગ્ય જેનો, અટપટો આચાર છે; સંસા૦
ખેલાડિ જે ખડખડ હસી, વા તાળિઓ પાડી અહા!
દિલ છુટથી વાતો કરે, ભર ચોકમાંય અનાડી હા!
આવી નમાલી નારીને, શું દેવની દરકાર છે! સંસા૦
નિજ બાળનું પોષણ કરી, રે! કેવી રીતે પાળવા;
નહિ જ્ઞાન ઉરમાં–એક હા! ધમકાવવા કાં મારવા!
સન્માર્ગ તે શું શીખવે, જે ક્રોધનીજ કટાર છે; સંસા૦
જે લાવ લેવા લગ્નનો, બાળક તણું હિત ના જુએ;
વ્હેલો વિવાહ કરી અરે! નિશ્ચિંત થઈને જે સુએ;
કરિ ગ્રહણ ધન કન્યા તણું, જે ખંતથી ખાનાર છે; સંસા૦
જે વ્હેમરૂપી લોઢમાં, મિથ્યા તણાતી જાય છે;
કરવા પતિ વશ મંત્ર, કામણમાંય જે લલચાય છે;
મિથ્યા ઉદાસ રહી ત્રિયા જે, સ્યામ દિલ દહનાર છે; સંસા૦
સુખદા વિવેકે માનની, સન્માન જે દેતી નથી;
નિજ ઘેર આવે બેસવા, તે દૃષ્ટિમાં લેતી નથી;
વસવસો મનમાં થાય એવો, જે તણો વ્યવહાર છે; સંસા૦
કરમાં ગ્રહી જે માલિકા, ભગવાનને ભજતી નથી;
છલ ભેદનાં કામો અરે! અંતર થકી તજતી નથી;

જે જીંદગી જળવાય એવા, નિયમથી હઠનાર છે; સંસા૦
ઘડિ એક જે ઘરમાં સુધારો, સ્નેહથી કરતી નથી;
હું જાણું એવી વામથી, સુગરી જરા નરતી નથી;
માળા જુવો બાંધે ક્રમે, પણ આ મહા દુખકાર છે; સંસા૦
પ્યારા પદારથ પાકના જે, પકવત્રે અજ્ઞાન છે;
બીજી ન જાણે વાત જેનું, જમણ જમવે ભાન છે;
ગુણહીન ગીતો ગાઈને જે, એક રસમાં તાર છે; સંસા૦
બીભત્સ શબ્દો બોલીને જે, ચિત્તને રાજી કરે;
મન, કર્મ, વચને જે ત્રિયાની, પાપ વૃત્તિ વિસ્તરે;
જે જરથકી જગ લોકના, ચળ પ્રેમને ચહનાર છે; સંસા૦
નખશીખ શોભા નિરખવા તક, આપતી જે લોકને;
કદિ લાજ જાતાં ના ગણે, જે શરમ અથવા શોકને;
જે કુલિન સ્ત્રીનું શીળ દેખી, સર્વદા બળનાર છે; સંસા૦
જે સાવચેતી રાખીને, પ્રિય પ્રહરમાં નથી જાગતી;
ભૂનાથ પ્રત્યે નાથનું, કલ્યાણ જે નથિ માગતી;
જે સઘ સ્વારથ સાધવે, તત્પર સદા બણનાર છે; સંસા૦
જે થઈ નરોદ, સ્વભાવથી, ભર્ત્તારની પ્હેલાં સુવે;
રે! બે વચન પતિના સુણી જે, રાગડો તાણી રૂવે;
જે નાથની પ્હેલાં સુખેથી, સર્વદા જમનાર છે; સંસા૦
સાસુ અને સસરા તણી, જે સેવના કરતી નથી;
માબાપની ત્યમ લાજ મનમાં, જે જરા ધરતી નથી;
હમ્મેશ જેને પાપ વચનો, બોલવામાં પ્યાર છે; સંસા૦
કરકસર કરવા જાય પણ, રણ થાય એવું આચરે;

પૂછે પુણીનો ભાવ પણ, ઝટ ઉંટને આગળ કરે;
ડાંપણુ કરીને ડોળમાં જે, હર્ષને હણનાર છે. સંસા૦
પરદેશમાં પતિ હોય તેનો, વિરહ જે ગણતી નથી;
ઘટઘટ ભટકતી ચટકમાં, ગંભીર જે બણતી નથી;
આવે સમે આનંદથી, શૃંગાર જે સજનાર છે; સંસા૦
પરપુરૂષની દુર્વાસના, સાંખી રહે જે સ્હેલથી;
હલકા વચન બોલે તથાપી, રીસ ન મળે પ્હેલથી;
ઉલટી હસે! એ શું હશે! કળિકાળનો ઉપચાર છે; સંસા૦
કુળવાનની તનયા છતાં, કુલટાની જે સંગત કરે;
ગુણવાનની પત્નિ પરંતુ, નફ્ટ થઈને જે ફરે;
વખતે અરે! ઉપદેશીને, જે વૈરથી વદનાર છે; સંસા૦
નહિ શરમ જેના હૃદયમાં, કામાન્ધ જે છે કામની;
મન વશ નથી જેનું જરા, એ નાર નિશ્ચે નામની;
હલકી હરામીને હઠીલી, દુઃખનું જે દ્વાર છે; સંસા૦
ફંદી સ્વછંદી હાલ હા! બહુ હિંદની રામા થઈ;
કંચન હતું ત્યાં કથિરની, ધાતુ અરે! પ્રસરી ગઈ;
સીતા સમી શું એક આજે, ધર્મમાં પળનાર છે! સંસા૦
બળવંત બંધન તોડવા, સુધરેલ પણ બહુધા મથે;
આથી વધારે છુટ કરવા, તર્કથી કથનો કથે;
એનું ન માને એ હજી, પરમેશનો ઉપકાર છે; સંસા૦
ક્યાં દ્રૌપદિ ક્યાં નર્મદા, ક્યાં અનસુયા કુળપાવની;
તારામતી દમયંતી કુન્તી, ક્યાં હશે પ્રિયભાવની!
આ આર્યના સ્થાનક વિષે, અઘઓઘનો શું ભાર છે! સંસા૦

સૃષ્ટા અહો! પ્રાણેશ હો! કરૂણા કરો કરૂણા કરો;
લલના ઘટી કુલટા વધી, દુર્ભાગ્ય એ હમણાં હરો;
દુર્લભ કથે પ્રભુ આર્યનો, એથીજ જયજયકાર છે; સંસા૦

ગીતિ.

ફેરફાર આ કેવો, સમય પ્રથમનો લગાર સરખાવો;
સાવિત્રી સમ આજે, આર્ય ખંડની આર્યા દર્શાવો.
વહે નયનેથી અશ્રુ! અગાધ ઉંડો જો ઉતરી જાઉં;
ક્યાં સદ્‌ગુણ ઉજ્વલતા, હા! અંધારૂં ક્યાં આ અકળાઉં!
નેપોલનનાં વચનો, અહા! હૃદયમાં યાદ મને આવે;
વીર માતના પુત્રો, વીર જગતમાં કેમ નહીં કહાવે.
વીરમાતુ ક્યાં એવી! લવકુશ સરખા બાળક જે આપે;
હા! હા! આર્યભૂમિમાં, આમ થયું શું સંતતણે શાપે.
એવો સંત કયો જે, વિના કારણે શાપ અરે આપે;
દુષ્ટ તર્ક હું જાણું, આર્ય પુરૂષના મનને સંતાપે.
સંત હોય જે સાચો, જન્મભૂમિ તે શાપિત કયમ કરશે;
અસંતની વૃદ્ધિથી, અનાચાર પ્રસર્યો! કયમ બંધ થશે!
ધન્ય પ્રતાપ પ્રતાપી, માતા તારી અચળ રહી આજે;
ભલે વીર તું જનમ્યો, નીર માતનું રાખ્યું યશ ગાજે;
આજ કાલની નારી, નિજ બાળકને બીરૂરે કરતી,
શું આપે સદ્‌શિક્ષા! મતિ મેલી નેં મિથ્યા મન ડરતી.
નરતી વાત કહીને, બળ બાળકનું હાય! બધું હરતી;
હિન્દ નશીબે હા! હા! આવી કામા કેમ થઇ નરતી!

કપટ જાળ પથરાઇ, ગઇ સત્યતા એથી સંતાઇ;
થયું હૃદય પણ ન્હાનું, જાય ઘડિકમાં વિચાર બદલાઇ.
આજે તુચ્છ વિચારો, રામા હૃદયે રમી રહ્યા ભારે;;
અપૂર્ણ ઘટ છલકે છે, એ કહેવતનો અનુભવ વિસ્તારે.
સ્વતંત્રતાની શોખી, અરે! તથાપિ નથીજ જળવાતી;
કયમ કે મનની સ્થિરતા, પરમ પ્રકારે નથી કદી થાતી.
સ્વતંત્રતા અમૃતનો, ભરેલ પ્યાલો કેમ અરે! પીવો;
એમાં છેક અજાણી, પડે કૂપમાં કરે ગ્રહી દીવો.
સ્થળ શું સ્વતંત્રતાનું, પરાધીનતા કયે સ્થળે ગણવી;
ભેદ નહીં એ સમજે, વાત અવરની કદાપિ નહી સુણવી.
ઘટ ઘટ હું નિરખુંછું, કલેશી દૂષી કપટમયી કામા;
ભાગ્યવંતને ભુવને, કોણ જાણે જો હોય સુઘડ શ્યામા.
પતિની સેવા કરતાં, શરમ પામતી અપાર અંતરમાં;
પણ પગ બ્હારે ધરતાં, રંચ શરમ-પરમાણું નહિ ઉરમાં.
નિયમ ચલિત આ કેવો! સતિપદ હા! હા! ડુબી ગયુ ક્ષણમાં;
કઈ કામિની શોભે! સત્ય સાચવી સત્યરૂપી રણમાં.
પતિવ્રત્તનો શુભ મહિમા, જ્ઞાનવિનાની વામા શું જાણે!
અતિ ઉપવાસ કરીને, મિથ્યા વૃતમાં મોજ સદા માણે.
વૃદ્ધજનોના વાક્યો, વિષસમ સમજે નિર્ભાગી નારી;
પંડેલાની વાણી, હાય! લાગતી સુધાસમી પ્યારી.
દમયંતી રાણીનું, ચરિત્ર વાંચી ચતુર નથી થાતી;
ચિત્ર પિંગળા ચિત્તે, હાય! આળખી ચપળ ફરે માતી.
હા! હા! આ કલિયુગનું, કથન કરંતા કલમ કેમ ચાલે!

સુપાત્રની શું પત્નિ! હાય! હઠીલી મ્લેચ્છ મઠે મ્હાલે.
કુલીન સુખદ સ્વરૂપે, શાસ્ત્ર કહે છે ગયું અરે! ક્યાં એ!
પ્રેમ જવાથી ભ્રમ શું, ભરાઈ બેઠો અજાયબી આ છે!
નહિ નહિ નર નહિ નારી, નપુંસકો એ નાર તણા ભર્ત્તા!
હાય! હિન્દમાં આવો, ફેરફાર હા! કેમ કર્યો કર્ત્તા!
થઈ બાળની માતા, બાળલિલા પણ બાળા નહિ ત્યાગે;
ઘર ઘર એ આથડતી, કઠોર શબ્દે શરમ નહીં લાગે.
ફટ! ફટ! પાપી નારી, બુદ્ધિ બગડી આમ કેમ તારી;
અનાર્ય કુળની અબળા, અરે! નથી તું વિચાર કુળ ધારી.
ના, ના, એમ નહીં તું, તરી શકે આ ભવસાગર ખારો;
ઉત્તર આપ અધીરી, કઈ પ્રસૂતા કોણ તાત તારો!
ભરત ભૂમિમાં ભોળી, ભરત ભૂપની કીર્ત્તિ તેં બોળી;
હા! હા! ભલપણ છોડી, તને તગડશે ભરત ભૂપ ખોળી.
હે! ગુણ હીણી ગાંડી, છોકરવાદી આ તેં શી માંડી;
ખુણે ગરતાં ખાંડી, પૂછ પકડતા હાય! થાય બાંડી.
બહુ રૂપીના ચાળા, આવે તારા નજર મને બાળા;
કામ બધાં તુજ કાળા, મનુજ દેહને પંખીના માળા.
આછા ઓઢણ ઓઢી, શરીર તારૂં શાને બતલાવે;
કેમ નથી કહેનારો, પટી પાનની પ્રસિદ્ધ શું ચાવે!
નહિ કુળવંતી તું તો, બીજમાંથી તું નિદાન બગડેલી;
રસઘેલી મનમેલી, આર્ય આબરૂ ઠેલી તેં મેલી.
રમઝમ રમઝમ વાગે, પ્રગટ ઘુઘરિયો હાય! ચરણ તારે!
હાય! પ્રગટ તુજ હસવું! પુરૂષ હૃદયમાં બાણ ખુરા મારે;

જરા વિચારી જો તું, કોણ હતી નેં કોણ થઈ રે ! તું;
કામ હતું શું તારૂં, અરે ! અરેરે ! કામ કરે છે શું !
સતી સ્થાનમાં કુલટા, હોય કેમ ! કયો શત્રુ ગયો કોપી !
અમૃત–પ્યાલી વિષની, આર્ય લાજનેં કોણ ગયું લોપી !
ખળખળ નયને અશ્રુ ! હાય ! દૈવ આ ફાટિ જાય છાતી;
ભરત ભૂમિમાં ભાળું, કુલટા તેથી દયા નથી માતી.
તું કળિ તું કળિ સાચો, નળ પ્રત્યે તેં કહી હતી વાણી;
હા ! કુલટા બહુ દીઠી, વાત વાંચી તે આજ અમે જાણી.

આશાગોડી.

બહુ ભામા ભરમાણી, શરમ તજી બહુ ભામા ભરમાણી–ટેક.
કુલટાનારી ધટઘટ ભટકે, હવે બીજી શી હાણી. શરમ૦
પતિ પ્રત્યેના પ્રેમામૃતનું, પાન શકી ન પિછાણી. શરમ૦
સતીપણાનું શૌર્ય ન શોધ્યું, લંપટથી લપટાણી. શરમ૦
સ્નેહજળે મન ન મળે ભીનું, શુષ્ક વચનમાં શાણી. શરમ૦
સંતોષે સુખ લેશ ન માન્યું, લાલચમાં લોભાણી. શરમ૦
ચટક મટકતી ચાલે ચાલી, હૈયામાં હરખાણી. શરમ૦
ગાઈ ફટાણાં ફાંકો રાખી, ફેલ ફીતુરે ફસાણી. શરમ૦
દુર્બોધાની સોબત કરતાં, વંઠેલમાંય વિંટાણી. શરમ૦

અરે લાલદેવ ઈસ્તરફ જલ્દ આ—એ ઢબ.

પિયુપ્રત્યે જેનો ચલિત પ્યારછે,
એના જન્મને કોટિ ધિક્કાર છે.
અરે કેમ એ હિંદમાં અવતરી !

પરમ ભૂમિ ક્યાંથી કુલંકી કરી!
સતી નામને આ ભૂમિ તો રટે,
નહીં જન્મ એનો અહીં રે! ઘટે.
છતાં એમ શાથી અરેરે! થયું!
અહો! આર્યનું શૌર્ય ક્યાં સૌ ગયું!
શરમ ત્યાગી કુલટા વળી શું ભમે!
પરાયા ભુવનમાં રસે શું રમે!
લજ્જાશે અહા! આર્યની આ ધરા:
જુવાની જતાં આવી છે શી જરા!
અહો! આમ ગોવિંદને શું ગમ્યું!
શું વીરનું શૌર્ય સર્વે શમ્યું!
ઋષિપત્નિનો વાસ હા! જ્યાં હતો!
કુટિલનારીનો વાસ ત્યાં ક્યાં છતો!
સુધરશે પછી શું એનાં બાળકો!
થશે લંપટો નહીં ઉપજશે ટકો.
અબળ અલ્પ જીવી અરેરે! થશે—
ભૂમિભાગ્ય શું આમ ચાલ્યું જશે!

પદ—ગોપીચંદ ચરિત્ર તુમ સુનો મેરે ગુનરાસી.

(એ ઢબનું.)

તારૂં નામ અમર કર આજ, હવે વીરનારી,
શાને સફુળ નહીં તું તપાસ, પ્રસંગ વિચારી;
તારો નાથ પ્રભો સમ માન. સદા સુખકારી,
એમાં સફ્લ થશે તુજ જન્મ, ઉરે જો ઉતારી— તારૂં૦
છે આ ચલિત પ્રવાસ વિલાસ, અચળ નહીં પ્રાણી,
કરે સ્હાય સ્વધર્મ સંબંધ, વિજયકર વાણી;
નીતિ હદમાં રહીને હમેશ, સુખી થાય શાણી;
હજી જગત્ કહે છે ધન્ય, જનકની કુમારી,— તારૂં૦

ન્યાય બહાર કદી ન જવાય, સુબોધ ચહેજો,
આહા ! દુઃખ સમે થઈ ધીર, કળાથી સહે જો;
પતિ ભક્તિ મહીં રહી મગ્ન, નિયમમાં રહે જો;
પામે માન-તરે ભવ નીર, એ તો અવતારી— તારૂં૦

રાગ કલ્યાણ.

શ્રી જગત્પતિ—એ રાગમાં.

નિયમમાં રહો, બીરૂ જરા ન હો;
અનાર્યતા તજીને સર્વ આર્યતા ચહો—ટેક.
પવિત્ર અવનિ આર્ય ખંડની, વિશ્વ વિષે વખણાય;
અભિમાન એ ઉરમાં ઠરતાં, અનુચિત કામ ન થાય.-નિયમ૦
સીતા તારા ત્યમ દમયંતી, કેમ વિસારો હાલ;
શૌર્ય ધરીને પતિવ્રત પાળે, છે પ્રભુનું એ વ્હાલ.— નિયમ૦
સદાચારનું સ્વરૂપ ભણાવી, કરો બાળ હુશિયાર;
તન—મનનું રક્ષણ કરવાથી, પામે માન અપાર.— નિયમ૦
બળ—બુદ્ધિની વૃદ્ધિમાં છે, આર્ય ઉદયનું બીજ;
સદાચારનું પ્રબળ હશે તો, જાશે સર્વ નમીજ.— નિયમ૦
ઉત્તમ સાધન છે સન્નારી, સુધારવા સંસાર;
દુર્લભ રામા રત્ન આર્યનો, કરશ જયજયકાર.— નિયમ૦

માલીની.

વિમળ -હૃદય જેનું, તે સદા ભાગ્યવાળા;
શરમ મુખ વસી જ્યાં, ત્યાં સુખી બાળ—બાળા;
સુજન વચન જાણે, તે પુરો પ્રેમ પાળે;
નહિ નહિ ફસવાનાં, એ કદી દુષ્ટ જાળે.

ગીતિ.

પ્રભુ સમ પતિને માનો, વિમળ બુદ્ધિથી સદા કરો સેવા;
આ લોકે પરલોકે, પ્રાપ્ત થશે તો મિષ્ટ નિત્ય મેવા.

સમાપ્ત.